# તલોદમાં વાવાઝોડુ ફુંકાતા લાખ્ખોનું નુકશાન

## મકાનો, ઝાડો, પતરાના શેડો સાથે ઉભા પાકો જમીનદોસ્ત



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

તલોદ, તા. ૨૭

તલોદમાં ગત રવિવારે સાંજે સાત વાગ્યાના સુમારે ચોમાસુ વરસાદના આગમન સાથે જ પુરઝડપે વાવાઝોડુ ફુંકાતા લીલા વૃક્ષો, પતરાના શેડો, ઉભા પાકો તેમજ કેટલીક જગ્યાએ કાચા મકાનો જમીનદોસ્ત થઈ ગયા હતા. એકાએક પવનના સુસવાટાથી વિજલાઈનો તુટી પડતા આખી રાત્રી દરમ્યાન વિજ પુરવઠો પણ ખોરવાયો હતો.

કેટલીક જગ્યાએ ચાલતા માંગીલક પ્રસંગોમાં જમણવાર અટવાયો હતો. મંડપો તેમજ ડેકોરેટર્સને પણ નુકશાન થવા પામ્યું હતું. ઠેર ઠેર પાણીના ખાબોચીયા ભરાઈ જતા લોકોના જન-જીવન પર માઠી અસર થઈ હતી. એક ઈંચ જેટલા નજીવા ઝડપી વરસાદ અને વાવાઝોડાએ મોટુ સ્વરૂપ ધારણ કરતાં લાખ્ખોના નુકશાન સાથે ચોમાસુ પ્રારંભનું આગમન થતાં લોકોના જીવ તારવે ચોંટી ગયા હતા.

તલોદમાં હાલ લગ્નોસરાની સિઝન ધૂમ ચાલી રહી છે. તેમાંય ગત રવિવાર આખા દિવસ દરમ્યાન ગરમીનું પ્રમાણ અસહ્ય હતું. સાંજે સાત વાગ્યાના સુમારે એકાએક વાવાઝોડા સાથે કરા પડી વરસાદી માહોલ જામ્યો હતો. જેમાં એક ઈંચ જેટલા નજીવા વરસાદે પતરા, શેડો, લીલા વૃક્ષો, વિજલાઈનો, કાચા મકાનો, ઉભા જીવંત પાકો સાથે આજુબાજુ તમામ વિસ્તારોમાંથી લાખ્ખોનું નુકસાન થવા પામ્યું છે. ચોમાસાના પ્રારંભે લોકોના માંગલીક પ્રસંગો પણ બગાડ્યા હતા.

તલોદમાં ઠેર ઠેર ખાબોચીયા ભરાઈ જતા ગરીબો અને ખેડૂતોમાં ભારે નુકશાનથી હાલત કફોડી બની હતી. તંત્ર દ્વારા સત્વરે પગલા ભરી વરસાદી માહોલમાં સાબદુ તંત્ર રહેવા માગ કરી રહ્યા છે.

## પ્રાંતિજની હરિઓમ સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા : ફેરો ફોગટ

પ્રાંતિજ, તા. ૨૭

પ્રાંતિજ શહેરને જાણે થોડા સમયથી નજર લાગી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં તસ્કરો દ્વારા મકાન, દુકાન કે ઓફિસને દર બે દિવસે નિશાન બનાવવામાં આવે છે. ગત મોડી રાતે હથિયારધારી ટોળકીએ એક સોસાયટીમાં પગલા પાડ્યા હતા, પરંતુ આ પગલા કુંડાળામાં પડ્યા હોય તેમ ફેરો ફોગટ ગયો હતો. રહીશો જાગી જતા આ ટોળકી ઉભી પુંછડીએ ભાગી ગઈ હતી.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં છેલ્લા અઠવાડિયાથી તસ્કરોએ રહિશોની ઉંઘ હરાન કરી નાખી છે. ગત મોડી રાત્રે એપ્રોચ રોડ પર આવેલી હરિઓમ પાર્ક સોસાયટીમાં હથિયાર ધારી ટોળકી લૂંટ કરવાના ઈરાદે પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ પરોઢિયે ૨.૧૫ વાગે સોસાયટીમાં પ્રવેશ કરતા અવાજ થવા પામ્યો હતો. તેમજ પાલતુ પ્રાણી કુતરાઓ દ્વારા પ્રામાણિકતા બતાવવામાં આવતા સોસાયટીના રહીશો જાગી ગયા હતા. રહિશો દ્વારા પોલીસને ફોન કરવામાં પણ આવ્યો હતો ત્યારે અહિના રહિશોએ તસ્કરોની પાછળ થોડે દૂર સુધી પીછો કરતા પોલીસ આવે ત્યાં સુધીમાં તો આ હથિયારધારી તસ્કરો મિસ્ટર ઈન્ડિયા બની ગયા હતા.

છેલ્લા એક અઠવાડિયાથી તસ્કરો પ્રાંતિજને જાણે મામાનું ઘર સમજી બેઠા હોય તેમ અવાર-નવાર પહોંચી જવાથી અહિના રહિશો ભયના ઓથ હેઠળ જીવી રહ્યા છે. ત્યારે પ્રાંતિજ પોલીસ માટે પણ આ લુંટારી ટોળકી મુસીબત ઉભી કરી રહ્યા છે. અને પોલીસના નાકે દમ લાવી રહ્યા છે. થોડા સમય પહેલા જ પ્રાંતિજ બજારમાં પાંચ દુકાનો, તાજપુર ખાતે એક દુકાન અને દલપુર ગામમાંથી ચોરી કરી પલાયન થઈ ગયા છે. ત્યારે લોકોમાં ચર્ચા ચાલી રહી છે. કે પ્રાંતિજ પોલીસ ક્યા સુધી આ તમાશો જોયા કરશે.

## વલીયમપુરા પાસે વાહન અકસ્માતમાં પાંચને ઈજાઓ

વડાગામ, તા. ૨૭

રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ને સાંકળતા તલોદ-મજરા રોડ માર્ગ


(તસવીર : કલ્પેશ જોષી)

ઉપર વલીયમપુરા ગામના સ્ટેન્ડ પાસે થયેલા એક વાહન અકસ્માતમાં પાંચ યુવાનોને લોહીયાળ ઈજાઓ પહોંચી હતી. આ યુવાન મિત્રો વડાગામથી ગાંધીનગર ટાટા સુમો ગ્રાન્ડ ગાડીલાઈને જતા હતા ત્યારે આ અકસ્માતનો ભોગ બન્યા હતા. એક બાઈક ચાલકને બચાવવા જતા ગાડી રોડ માર્ગ ઉપર ત્રણ-ચાર પલટીઓ ખાઈ ગઈ હતી. જ્યાં ગાડીને પણ ભારે નુકશાન પહોંચ્યું હતું. જેમાં મુસાફરી કરી રહેલા ૫ મિત્રો પૈકીનાઓને નાની મોટી ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તલોદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તો પૈકીના એક યુવાનને અન્યત્ર ઉચ્ચ દાક્તરી સારવાર અર્થે ખસેડવાની તલોદની સરકારી હોસ્પિટલના તબીબ સૂત્રોને ફરજ પડી હતી.

સોમવારે લગભગ ૧૧ વાગ્યાના સુમારે તલોદ તાલુકાના વલીયમપુરા ગામના સ્ટેન્ડે થયેલા આ અકસ્માતની વિગત કંઈક એવી છે કે, ધનસુરા તાલુકાના વડાગામના રહીશ એવા ૫ યુવા મિત્રો ટાટા સુમો ગ્રાન્ડ ગાડી નં. જીજે૯એજી-૧૧૯૪ લઈને ગાંધીનગર જવા નીકળ્યા હતા. ગાડી તલોદ-મજરા રોડ ઉપર દોડી રહી હતી ત્યારે અચાનક ટર્ન લઈ રહેલા એક બાઈકને બચાવવા જતાં ગાડીના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો જેથી ગાડી રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી. પરંતુ સ્પીડને કારણે પાછી રોડ ઉપર ચડી ગઈ હતી અને એકાએક પલટી ખાઈ ગઈ હતી. બાદ લીલા રંગની આ ગાડી ત્રણેક પલટી ખાઈને રોડ સાઈડના ઝાડવામાં જઈ ફસડાઈ પડી હતી. જેમાં ૫ મિત્રો મુસાફરી કરી રહ્યા હતા. જે પૈકીના યોગેશ જશવંતભાઈ દરજી, રાહુલ આર. ચૌધરી, ભૌતિક ભીખાભાઈ દરજી અને વનરાજસિંહ રાઠોડ નામના યુવાન સહિતનાઓને ઈજાઓ પહોચી હતી.

### તલોદની સી.ડી. પટેલ શાળાનું ગૌરવ

તલોદ, તા. ૨૭

તલોદ મુકામે આવેલી ચુનીભાઈ દેસાઈભાઈ પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાનું વર્ષ ૨૦૧૪નું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે.

વર્ષ ૨૦૧૪માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં તલોદની સી.ડી. પટેલ શાળાના પાંચ વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે. જેમાં ઋત્વિક પ્રકાશભાઈ શાહે ૮૮.૮ ટકા, શુભમ રાજેશભાઈ શાહે ૮૪.૬ ટકા, સચિન મનોજભાઈ પટેલે ૭૮.૪ ટકા, રશ્મિ હરેશભાઈ નરસિંઘાણીએ ૭૬.૮ ટકા અને રાહુલ સુરેશભાઈ શાહે ૭૬.૬ ટકા ગુણ પ્રાપ્ત કર્યા હતા. વિદ્યાર્થીઓની આ શૈક્ષણિક સિધ્ધી બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### ટ્રિનિટી જુનિયર સાયન્સ કોલેજનું ગૌરવ

તલોદ, તા. ૨૭

તલોદ સ્થિત ટ્રિનીટી જુનિયર સાયન્સ કોલેજનું ચાલુ વર્ષનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે.

સાબરકાંઠાના તલોદ તાલુકામાં આવેલ એકલવ્ય એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ટ્રિનિટી જુનિયર સાયન્સ કોલેજનું ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (સેમેસ્ટર-૪)નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. બધાજ વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણ સાથે ઉત્તિર્ણ થયા હતા. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય શિક્ષકમિત્રો અને સંસ્થાના ટ્રસ્ટીઓ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## મહેસાણા-પાલનપુર એસ.ટી. વિભાગમાં ડ્રાઈવર-કડંકટરોની ઘટ

### બસોના રોજીંદા સંચાલનમાં ભારે મુશ્કેલી

મહેસાણા, તા. ૨૭

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના મહેસાણા અને પાલનપુર વિભાગોમાં છેલ્લા ઘણા સમયથી ડ્રાઈવર કડંકટરોની ઘટના કારણે બસોના રોજિંદા સંચાલનમાં ભારે મુશ્કેલી પેદા થઈ છે.

મહેસાણા વિભાગ હસ્તકના કલોલ, કડી, મહેસાણા, વિસનગર, વડનગર, ખેરાલુ, ઊંઝા, પાટણ, ચાણસ્મા, હારીજ, બેચરાજી ડેપોમાં હાલ અંદાજે ૨૦૦ જેટલા ડ્રાઈવર કડંકટરોની ઘટ થઈ છે. આગામી જૂન ૨૦૧૪માં આ વિભાગમાં ફરજ બજાવતા આવા કેટલાયે કર્મચારીઓ નિવૃત્ત થનાર છે. ત્યારે આ ઘટ વધીને ૩૦૦ જેટલી થવા સંભાવના છે. જુદા જુદા ડેપોમાં ડ્રાઈવર અને કડંકટરની લગભગ ૧૦ થી ૧૫ જેટલી ઘટ છે. ઘટના કારણે શિડયુલ બસોના સંચાલનમાં ભારે મુશ્કેલી સર્જાઈ છે. દરેક ડેપોમાં કામદારોની ઘટ ઉપરાંત શારીરિક બિમારી, સામાજીક કારણસર, અકસ્માતના કિસ્સાઓમાં કામદારોની ઘટ વધી જાય છે. જેના લીધે ડ્રાઈવર કડંકટરોને અઠવાડિક રજા-જાહેર રજા મળી શકતી નથી. ઓવરટાઈમને એક બાજુ રાખીને કામદારો પાસેથી ના છૂટકે સળંગ નોકરીમાં લેવી પડે છે. જેથી કામદારો થાકી જતા હોય છે. ડેપો મથકોએ કામદારોની નોકરી લખતા આસી. ટ્રાફિક ઈન્સ્પેટર કક્ષાના અધિકારીઓને જટિલ સમસ્યા ઉભી થતી હોય છે. તેઓને કામદારો સાથે સીધા ઘર્ષણમાં ઉતરવુ પડે છે. કામદારો સાથે બોલાચાલી અને તકરારના બનાવો બને છે. એક તરફ એસ.ટી. બસોની સમાંતર પ્રાઈવેટ ઓપરેશન વધી રહ્યું છે આની સામે એસ.ટી. તંત્રને સિઝનને લઈને બસોના સંચાલનમાં વધુ મુશ્કેલી ઉભી થાય છે.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા ઉપરાંત પાલનપુર એસ.ટી. વિભાગમાં પણ હાલ ડ્રાઈવર કડંકટરોની શોર્ટેજ છે. ટીબી કેન્સર તેમજ અન્ય બિમારીઓના કારણે કેટલાક કામદારો રજા પર હોવાથી ઘટ વધી જાય છે. આવી સ્થિતિમાં બસોના સંચાલનમાં નિયમિતતા જાળવવી મુશ્કેલ થઈ પડેલ છે.

આ બાબતે એસ.ટી. નિગમના વરિષ્ઠ સત્તાધીશોએ મહેસાણા અને પાલનપુર એસ.ટી. વિભાગોમાં ડ્રાઈવર કડંકટરોની વધતી જતી ઘટને ધ્યાનમાં લઈ સત્વરે જરુરીયાત કરતાં વધારે કામદારોની ભરતી કરવી જોઈએ તેવો લોકસુર ઉઠયો છે.

## મોડાસાના જાણીતા બિલ્ડર વિજયભાઈ પટેલનું હાર્ટએટેકથી મૃત્યુ

### વિજય પટેલ તેમની વિવિધ દાન તથા સેવાકીય પ્રવૃત્તિ માટે જાણીતા હતા : તેમની શોકસભા ગુરૂવારે સંગીની બંગલોઝમાં રાખવામાં આવશે

મોડાસા, તા. ૨૭

મોડાસા શહેરમાં ક્વોલીટીવાળી રહેણાંકની સ્કીમમાં સૌપ્રથમ શરૂ કરનાર તથા વિવિધ દાન તથા સેવાકીય પ્રવૃત્તિથી નામના મેળવનાર મોડાસાના જાણીતા બિલ્ડર વિજય પટેલનું અચાનક હાર્ટ એટેક આવવાથી નિધન થતાં બિલ્ડર લોબીમાં ભારે શોકની લાગણી પ્રસરી છે. તેમનું બેસણું ગુરૂવારે તેમના નિવાસ સ્થાને રાખવામાં આવશે.

મોડાસા શહેરમાં સારા, સસ્તા, ક્વોલીટીવાળા તૈયાર મકાનોની સ્કીમ નાલંદા-૧, નાલંદા-૨, સંગીની બંગ્લોઝ, ઉત્સવવેલી ઉત્સવ હાઈટ્સ, ડ્રીમલેન્ડ થીયેટર જેવી વિવિધ સ્કીમો શરૂ કરનાર અને વિવિધ ધાર્મિક, પ્રવૃત્તિઓ તથા દાન, સેવાકીય પ્રવૃત્તિ થકી સમગ્ર અરવલ્લી જિલ્લામાં નામના મેળવનાર મોડાસાના જાણીતા બિલ્ડર વિજયભાઈ પટેલનું રાત્રીના સમયે હાર્ટ એટેક આવવાથી નિધન થયું છે. તેમની અંતિમક્રિયા તેમના વતન માળકંપામાં રાખવામાં આવી હતી અને તેમનું બેસણુ બાયપાસ રોડ પર આવેલ તેમના નિવાસસ્થાન સંગીની બંગલોઝમાં રાખવામાં આવ્યું છે. તેમની અંતિમયાત્રામાં મોડાસાના ડોક્ટર, એન્જીનીયર, બિલ્ડર, સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. વિજયભાઈ પટેલનું નાની ઉંમરમાં જ અચાનક નિધન થતાં શોકની લાગણી પ્રસરી છે.

## પ્રાંતિજમાં જનરલ હોસ્પિટલના કર્મચારીઓ આઠ માસથી પગારથી વંચિત

પ્રાંતિજ, તા. ૨૭

પ્રાંતિજની એમ.સી. દેસાઈ એન્ડ એન.એમ. દલાલ જનરલ હોસ્પિટલના કર્મચારીઓ છેલ્લા આઠ મહિનાથી કારમી મોંઘવારીમાં પગાર વગર ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને પરિવારની આર્થિક સંકળામણ દૂર કરવા હોસ્પિટલ તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરે તેવી માંગણી કર્મચારીઓ કરે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નગરપાલિકાની શ્રેયસ ટ્રસ્ટ સંચાલિત એમ.સી. દેસાઈ અને એન.એમ. દલાલ જનરલ હોસ્પિટલ આવેલ છે. જ્યાં કર્મચારી તરીકે કામ કરતા ૧૫ કર્મચારીઓને છેલ્લા આઠ માસથી કોઈપણ પ્રકારનો પગાર કરવામાં જ આવ્યો નથી. પરિણામે આ ૧૫ જેટલા કર્મચારીઓનો પરિવાર હાલ ભારે હાલાકીઓ ભોગવી રહ્યો છે. બીજી તરફ આર્થિક રીતે પરેશાન કર્મચારી દેવાના ડુંગર નીચે દબાઈ રહ્યો છે. હોસ્પિટલના વહીવટદારો સત્વરે આ સંદર્ભે તપાસ કરી ઝડપી નિરાકરણ લાવે તેવી માંગ ઉઠવા પામી છે. અને જો આ સંદર્ભે કાર્યવાહી ન કરવામાં આવે તો ગાંધી માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## ધનસુરામાં વાવાઝોડાને લીધે ગ્રીન હાઉસ ટેન્ટને લાખો રૂપિયાનું નુકશાન

ધનસુરા, તા. ૨૭

ધનસુરા તાલુકામાં કુદરતી વાવાઝોડાને કારણે અસંખ્ય ગ્રીન હાઉસ ટેન્ટ તુટી પડ્યા છે. પરિણામે ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આથી ખેડૂતો હાલ પાયમાલ બન્યા છે.

ધનસુરા તાલુકામાં ખેતી ક્ષેત્રે છેલ્લા ઘણા સમયથી અવનવી પદ્ધતિઓ ખેડૂતો અપનાવી રહ્યા છે. તાલુકાના પ્રગતિશિલ ખેડૂતો ડ્રીપ ઈરિગેશન અને ગ્રીન ગ્રીન હાઉસ જેવી નવી અદ્યતન ખેતી તરફ વળ્યા છે. પરિણામે તાલુકામાં ૩૦ થી ૩૫ સ્થળોએ ખેડૂતોએ પોતાના ખેતરમાં ગ્રીન હાઉસ ટેન્ટ વિકસાવી ખેતી કરી રહ્યા છે. દરમિયાન સોમવારે આવેલા આકસ્મિક વાવાઝોડાએ ધનસુરા પંથકમાં ગ્રીનહાઉસ ટેન્ટને ભારે નુકશાન પહોંચાડ્યું હતુ. ગ્રીનહાઉસ ટેન્ટ તુટી પડતા ખેડૂતો લાખો રૂપિયાના ટેન્ટ સહિત ખેતીના પાકમાં વ્યાપક નુકશાન થયું હતું. અંદાજે એક એક ખેડૂતોને ગ્રીન હાઉસ ટેન્ટ બનાવવા ૧૫ થી ૨૦ લાખનું નુકસાન થયું આથી પંથકના ખેડૂતો પાયમાલ બન્યા છે.

## ડીસા હાઈવે સ્થિત રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે રિક્ષાચાલકનું શંકાસ્પદ મોત

ડીસા, તા. ૨૭

ડીસાથી થરાદ જતા હાઈવે રોડ પર શહેરથી માત્ર પાંચ કિલોમીટર દૂર મોડી રાત્રે રીક્ષા પલટી ખાતા એક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રીક્ષા ચાલકની ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ મોત મામલે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

આ અકસ્માતની મળતી વિગતો જોઈએ તો ડીસામાં ગત મોડી રાત્રે અકસ્માતની ઘટના બની હતી. હાઈવે રોડ પર રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે થયેલા આ અકસ્માતમાં જીજે-૮-૭૩૪૫ નંબરની એક પેસેન્જર રીક્ષા પલટી ખાઈ જતા તેમાં રહેલા ચાલક કરશનભાઈ તમસીભાઈ માજીરાણા ઉંમર વર્ષ ૩૫ રહે. નહેરુનગર ટેકરા, ડીસાનું માથાની ઈજાના કારણે ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. આ અકસ્માતની જાણ થતા ડીસા તાલુકા પોલીસે મૃતદેહનો કબજો સંભાળ્યો હતો અને મૃતકના મૃતદેહને ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી હતી. અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી, જો કે મૃતકના સગાભાઈ હરિભાઈ માજીરાણાએ મોડી રાત્રે થયેલ આ ઘટના પર શંકા સેવી હતી અને આ મામલાની ન્યાયિક તપાસની માંગ કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

TILES WORLD

ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન